પોરબંદર અને જુનાગઢ જીલ્લાઓમાં ગેરકાયદેસર
ખોદકામ અટકાવવા માટે જી.એમ.આર.ડી.સી.એસ
દ્વારા કરાર આધારિત સ્ટાફની નિમણૂંક
કરવા બાબત.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ-ભવખ-૧૦૨૦૦૭-૧-૬૧,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૦/૯/૨૦૦૭

**વંચાણે લીધોઃ-**

- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી ગાંધીનગરની ખાનગી ફાઇલ નં.-સીજીએમ-એડીએમ-કોન-જીઓ-૫૭૭.

**આમુખઃ-**

રાજયનો પોરબંદર જીલ્લો ખનીજ સંપત્તિની દ્રષ્ટિએ સમૃધ્ધ જીલ્લો છે. આ જીલ્લામાં મુખ્ય ખનીજ તરીકે ચોક, લાઇમસ્ટોન, ગ્રેનાઇટ, ટોડા લાઇમસ્ટોન જેવી કિંમતી ખનીજો મળી આવે છે. પરંતુ આ જીલ્લામાં ખનીજ ચોરી/ગેરરીતિની સમસ્યા ઘણી જ ગંભીર છે, આવી જ સમસ્યા જુનાગઢ જીલ્લામાં પણ છે.

ઉપરોકત બંને જીલ્લાઓમાં ખનીજનું ગેરકાયદેસર ખોદકામ અટકાવવા, ગેરકાયદેસર રીતે ચાલતી ખાણોના ચેકીંગ માટે તથા રોયલ્ટીની ચોરી અટકાવી શકાય તે માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા રચવામાં આવેલ ગુજરાત મીનરલ એન્ડ રીચર્સ ડેવલપમેન્ટ સોસાયટી (જી.એમ.આર.ડી.એસ) દ્વારા ભુસ્તરશાસ્ત્રીઓ, સર્વેયરો તથા ડેટા એન્ટ્રી ઓપેરટરોને કરાર આધારત નિમણૂંક આપવા તથા કોમ્પ્યુટરો ખરીદ કરવાની મંજુરી આપવાની કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીની સંદર્ભમાં દર્શાવેલ ફાઇલથી આ વિભાગને મોકલવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે પોરબંદર અને જુનાગઢ જીલ્લાઓમાં થતા ગેરકાયદેસર ખોદકામ અને ખનીજ ચોરી અટકાવવાના આશયથી જી.એમ.આર.ડી.સી.એસ. દ્વારા નીચે મુજબની જગ્યાઓ તેમની સામે દર્શાવેલ ઉચ્ચક વેતન અને સમયગાળા માટે આઉટ સોર્સીંગથી કરાર આધારિત નિમણૂંક આપવા માટે આથી ઠરાવવામાં આવે છે.

| અ.નં. | હોદો | જગ્યાની સંખ્યા | ઉચ્ચક વેતન | સમયગાળો |
|---|---|---|---|---|
| (૧) | ભુસ્તરશાસ્ત્રી | ૧૦ | ૧૫,૦૦૦/- | ૩ માસ |
| (૨) | સર્વેયર | ૧૦ | ૪,૫૦૦/- | ૩ માસ |
| (૩) | ડેટાએન્ટ્રી ઓપરેટર | ૧૦ | ૧,૫૦૦/- | ૩ માસ |

૨. ઉપર દર્શાવેલ સ્ટકાફના છ માસના પગાર પેટે ચુકવવાની રકમના ૫૦ ટકા રકમ ચાલુ નાણાંકીય વર્ષના ત્રણ માસ (જાન્યુ, ફેબ્રુ અને માર્ચ માસનું વેતન) પેટે કુલ રૂા.૭,૫૮,૫૦૦/- (અંકે રૂપિયા સાત લાખ અઠ્ઠાવન હજાર પાંચસો પુરા) જી.એમ.આર.ડી.સી.એસ. ના હવાલે મુકવામાં આવે છે. અને ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં મુખ્ય સદર-૨૮૫૩ બિન લોહ ખનન અને ધાતુ ઉદ્યોગો નિર્દેશ અને વહીવટ-૦૧-આઇએનડી-૪૩ સીજીએમ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૩. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવાઓ માટે જી.એમ.આર.ડી.એસ.ને રૂા.૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા) ઉપર્યુકત બજેટ જોગવાઇમાંથી ચુકવવાની પણ મંજુરી આપવામાં આવે છે.

૪. સદરહુ કામગીરી માટે કોમ્પ્યુટર્સ (પી.સી.) ખરીદવા માટે રૂા.૪.૫૦ લાખ (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) મંજુર કરવામાં આવે છે. આ ખર્ચ મુખ્ય સદર-૩૪૫૧-સચિવાલય આર્થિક સેવાઓ, આઇએનડી-૪૪ -ઇન્ફર્મેશન ટેકનોલોજી હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં પ્લાન સદરે રૂા.૩૦૦.૦૦ લાખની થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૫. ભુસ્તરશાસ્ત્રીઓ, સર્વેયરો તથા ડેટા એન્ટ્રી ઓપરેટરોની સેવાઓ આઉટ સોર્સીંગથી ગુજરાત મીનરલ એન્ડ રીચર્સ ડેવલપમેન્ટ સોસાયટી (જી.એમ.આર.ડી.એસ.) દ્વારા કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૮-૧૨-૦૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(આનંદ ઝીંઝાલા)
નાયબ સચિવ,
ઉધોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી, ઉધ્ધોગભવન, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જી.એમ.આર.ડી. એસ. ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.